જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૧/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૬૪/૧૬

## ઇગ્લીંશ દારૂ તથા બીયરની જથ્થા સાથે બે બુટલેગરની અટકાયત કરતી અમદાવાદ શહેર એસઓજી ક્રાઇમબ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ.ઇ.શ્રી સી.બી.ગામીત તથા પો.સ.ઇ.શ્રી પી.બી.દેસાઇ નાઓ તથા સ્ટાફના માણસો પ્રોહી જુગારની અસામાજીક પ્રવૃતી અટકાવવા સારૂ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા શ્યામલ ચાર રસ્તા પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના હેડ.કોન્સ નારસિંહ રામસિંહ તથા પો.કો અનિરુધ્ધસિંહ મહિપતસિંહ નાઓએ સંયુકત બાતમી હકીકત આપેલ જે આધારે આરોપીઓ (૧) શ્રવણ સ/ઓ જોગારામજી જાતે બિશ્નોઇ ઉ.વ. ૨૫ રહેવાસી, ગામ: પુનાસર તા.ભીનમાલ થાના ભીનમાલ જી.જાલોર રાજસ્થાન (૨) બાબુભાઇ સોનાજી જાતે બિશ્નોઇ ઉ.વ. ૫૦ રહેવાસી, ગામ: બીજરોલખેડા તા.સાચોર જી.જાલોર રાજસ્થાન નો ટાટા વિન્ચર ગાડી GJ-16-Z-1125 સાથે મળી આવેલ. જે ટાટા વિન્ચર ગાડીમાં તપાસ કરતાં અલગ અલગ બ્રાન્ડનો ઇગ્લીંશ દારુ તથા બિયરના બોકસ નંગ ૨૭૬ જેની કિ.રૂ.૮૨,૮૦૦/- તથા ટાટાવિન્ચર ગાડી ની કુલ્લે કિ.રૂ.૪,૦૦,૦૦૦/- તથા અંગ ઝડતી નાણા કિ.રૂ. ૧૭૦૦/- તથા મોબાઇલ ફોન કિ.રૂ.૨૫૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૪,૮૭,૦૦૦ /- નો મુદ્દામાલ મળી આવેલ. સદરહું આરોપીને આજરોજ અટક કરેલ છે. જે અંગે ઉંડાણ પુર્વક પુછપરછ કરતાં આરોપીએ સદરહું માલ રાજસ્થાન સાચોર થી લાવેલો અને હોવાની કબુલાત કરેલ. આ અંગે ઉંડાણપુર્વક તપાસ કરી ઇગ્લીંશ દારુના નેટવર્ક પકડી પાડવા તપાસ ચાલું છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)